# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-01-2025** **MORNING: 7.45 to 7.55**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****************************************************

**1)** પ્રયાગરાજમાં વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળાવડા મહાકુંભનો અમૃત સ્નાન સાથે પ્રારંભ

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જમ્મુકાશ્મીરમાં સોનમર્ગ ટનલ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે

**3)** કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ઉત્તરાયણ પર્વ પ્રસંગે આજથી ચાર દિવસની ગુજરાત ની મુલાકાતે આવશે

**4)** વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર આજે સ્પેનની બે દિવસની સત્તાવાર મુલાકાતે જવા રવાના થશે

5) આજથી નવી દિલ્હીમાં પ્રથમ ખો-ખો વિશ્વકપનો પ્રારંભઃ ગુજરાતની ખેલાડી ઓપીના ભીલાર ભારતીય ટીમવતી રમશે

**********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# KUMBH 2025

**આજે** પોષી પૂનમનાં રોજ પ્રયાગરાજમાં વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળાવડા મહાકુંભનો પ્રારંભ અમૃત સ્નાન સાથે થયો.

**(MUSIC: KUMBH OPNING)**

લાખો ભક્તો, યાત્રીઓ અને મુલાકાતીઓ ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ ત્રિવેણી સંગમ ખાતે આવેલા વિવિધ ઘાટ પર પવિત્ર ડૂબકી લગાવી રહ્યા છે. કુંભ મેળો 26 ફેબ્રુઆરીનાં રોજ મહાશિવરાત્રી સુધી ચાલુ રહેશે.

ગઈકાલે, લગભગ 50 લાખ ભક્તોએ ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું. ધાર્મિક સ્નાન ઉપરાંત, લાખો ભક્તો સંગમમાં કલ્પવાસની પ્રાચીન પરંપરાનું પણ પાલન કરશે.

ગઇ કાલે ભારતીય સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરતા કેન્દ્ર કલાગ્રામનું ઉદઘાટન કરતા કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે આ મુજબ જણાવ્યુઃ

**(BYTE GAJENDRASINH)**

મહાકુંભ માટે સાત સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પોલિસે પાણીની નીચે ડ્રોન અને એઆઇ-સક્ષમ કેમેરા સહિતની આધુનિક ટેકનલોજીનો ઉપયોગ કર્યો છે. ભારતીય રેલ લાખો શ્રધ્ધાળુઓને પ્રયાગરાજ લાવવા લઈ જવા માટે 3 હજાર 300 વિશેષ ટ્રેનો સહિત 10 હજારથી વધુ ટ્રેનોનું સંચાલન કરી રહી છે.

# PREZ - LOHRI GREETINGS

આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, દિલ્હી, જમ્મુ સહિત સમગ્ર ઉત્તર ભારતમાં લણણીના તહેવાર લોહરીની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. આજના દિવસે સૂર્ય ઉત્તર ગોળાર્ધ તરફની યાત્રા શરૂ કરતો હોવાથી શિયાળાનો અંત આવે છે અને ઉનાળાની શરૂઆત થાય છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ દેશવાસીઓને આજે લોહરીની શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે આવતી કાલે ઉજવવામાં આવનારા મકરસંક્રાંતિ, પોંગલ અને માઘ બિહુ તહેવારો માટે પણ શુભેચ્છા પાઠવી છે.

# PM - SONAMARG TUNNEL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જમ્મુ અને કાશ્મીરમાં સોનમર્ગ ટનલ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. આ ટનલ શ્રીનગરથી લેહ થઈને સોનમર્ગ માર્ગમાં તમામ ઋતુઓમાં કનેક્ટિવિટી પ્રદાન કરશે. પ્રધાનમંત્રી બાંધકામ ક્ષેત્રનાં શ્રમિકોને પણ મળશે અને આ એન્જિનિયરિંગ સિદ્ધિમાં તેમના યોગદાનને સ્વીકારશે. લગભગ 12 કિલોમીટર લાંબી સોનમર્ગ ટનલ પ્રોજેક્ટ 2 હજાર 700 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવી છે.

**આ પ્રોજેક્ટમાં સોનમર્ગ મુખ્ય ટનલ, બહાર નીકળવાની ટનલ અને એપ્રોચ રોડનો સમાવેશ થાય છે. આ ટનલને કારણે ભુસ્ખલન અને હિમશીલાથી**

**અસરગ્રસ્ત રોડને બાયપાસ કરીને વ્યૂહાત્મક રીતે મહત્વના લડાખ પ્રાંત સુધી વિના વિઘ્ને પહોંચી શકાશે.**

**આ ટનલને કારણે સમગ્ર વર્ષ દરમિયાન સોનમર્ગમાં પ્રવાસન ચાલુ રહેશે, જે શિયાળુ પર્યટન, એડવન્ચર સ્પોર્ટ્સ અને સ્થાનિક લોકોની રોજગારીને પ્રોત્સાહન આપશે.**

**આ પ્રસંગે કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નિતિન ગડકરી, વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી ડોક્ટક જીતેન્દ્ર સિંહ, કેન્દ્રીય માર્ગ પરિવહન રાજ્ય મંત્રી અજય ટમટા, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબદુલ્લા પણ ઉપસ્થિત રહેશે.**

## AMIT SHAH – GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહ ઉત્તરાયણ પર્વ પ્રસંગે આજથી 16 જાન્યુઆરી સુધી ગુજરાતની મુલાકાતે આવશે. ચાર દિવસીય મુલાકાતમાં શ્રી શાહ અનેક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે અને ઉત્તરાયણની ઉજવણીમાં જોડાશે.

ભાજપ કાર્યાલય દ્વારા મળેલી માહિતી મુજબ અમિત શાહ આજે સાંજે અમદાવાદ આવશે. તેઓ 14મી જાન્યુઆરીએ થલતેજ, ન્યુ રાણિપ, અને સાબરમતીમાં કાર્યકર્તાઓ સાથે ઉત્તરાયણની ઉજવણી કરશે. ત્યારબાદ ઘાટલોડિયામાં નવા પોલીસ મથક અને આવાસ યોજનાનાં મકાનોનું લોકાર્પણ કરશે. 15મી જાન્યુઆરીએ કલોલ, માણસામાં સરકારી કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. 16મી જાન્યુઆરીએ મહેસાણા જિલ્લાનાં વડનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જે શાળામાં ભણતા હતાં. તે પ્રેરણા સ્કૂલનું ઉદ્ઘાટન કરશે.

# DELHI BJP LIST

આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ મુસ્તફાબાદ મતવિસ્તારથી પોતાના ઉમેદવારની જાહેરાત કરી છે. પક્ષે આ બેઠક પરથી દિલ્હી ભાજપના ધારાસભ્ય મોહન સિંહ બિષ્ટને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે શનિવારે 29 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. કુલ 70 વિધાનસભા બેઠકોમાંથી, ભાજપે અત્યાર સુધીમાં 58 બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

. . . . . . . . . . . . . . .

# GOVT - LIVESTOCK PROJECTS

કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ આજે પુણેમાં મેગા ઉદ્યોગસાહસિક વિકાસ પરિષદનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ દરમિયાન, શ્રી સિંહ ૫૪૫ કરોડ રૂપિયાથી વધુના ૪૦ પશુધન પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

**આ પરિષદનો ઉદ્દેશ્ય નીતિ નિર્માતાઓ, મહાસંઘો, સહકારી સંસ્થાઓ, ઉદ્યોગ સંગઠનો, ઉદ્યોગસાહસિકો અને નાણાકીય સંસ્થાઓને પશુધન ક્ષેત્રની સંભાવનાઓ ઉજાગર કરવા એકસાથે લાવવાનો છે.**

**આ કાર્યક્રમ હિસ્સેદારોને વિવિધ પડકારોની ચર્ચા કરવા, ઉકેલો શોધવા અને ઉદ્યોગસાહસિકતા તથા પ્રદેશના વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક મંચ પૂરો પાડશે.**

# EAM - SPAIN VISIT

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર આજે સ્પેનની બે દિવસની સત્તાવાર મુલાકાતે જવા રવાના થશે. વિદેશ મંત્રી તરીકે સ્પેનની આ તેમની પ્રથમ મુલાકાત છે. આ મુલાકાત દરમિયાન, ડૉક્ટર જયશંકર સ્પેનના ટોચનાં નેતાઓને મળશે અને તેમના સ્પેનિશ સમકક્ષ મેન્યુઅલ આલ્બારેસ સાથે દ્વિપક્ષીય સંબંધો તથા પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. તેઓ સ્પેનિશ રાજદૂતોના ૯મા વાર્ષિક પરિષદને પણ સંબોધિત કરશે અને ભારતીય સમુદાયને મળશે.

# KHO KHO WORLD CUP

આજથી નવી દિલ્હીનાં ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે પ્રથમ ખો-ખો વિશ્વકપનો પ્રારંભ થઈ રહ્યો છે. ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનનાં સહયોગમાં રમાઈ રહેલી આ સ્પર્ધામાં પુરુષોની 20 અને મહિલાઓની 19 ટીમો ભાગ લઈ રહી છે.

ખો-ખો ફેડરેશન ઓફ ઇન્ડિયાએ 15 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. પ્રતિક વાઇકરનાં વડપણ હેઠળની ભારતીય ટીમ આજે ગ્રુપ એમાં નેપાળ સામે રમશે. ડાંગ જિલ્લાની વતની ઓપીના ભીલાર ભારતીય ટીમ વતી રમશે. ભારતીય ટીમમાં સ્થાન મેળવનાર ઓપીના ગુજરાતની એક માત્ર ખેલાડી છે.

મેચ રાત્રે સાડા આઠ કલાકે શરૂ થશે. ડીડી સ્પોર્ટ્સ ચેનલ પર તેનું જીવંત પ્રસારણ થશે.

# SHREYAS IYER IPL

**સ્ટાર ભારતીય બેટ્સમેન શ્રેયસ ઐયરને ઇન્ડિયન પ્રીમિયર લીગ ,IPLની આગામી સીઝન માટે પંજાબ કિંગ્સના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. ગયા વર્ષની IPL હરાજીમાં ઐયર બીજા ક્રમનો સૌથી વધુ માંગ ધરાવતા ખેલાડી હતા અને પંજાબ દ્વારા તેમને ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યા હતા.**

**નવી જવાબદારી અંગે  શ્રેયસ ઐયરે કહ્યું કે, તે મેનેજમેન્ટ દ્વારા મૂકવામાં આવેલા વિશ્વાસનું ફળ ભોગવવાની આશા રાખે છે અને પ્રથમ IPL ખિતાબ અપાવી શકશે.**

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને પશ્ચિમ રાજસ્થાનના છૂટાછવાયા વિસ્તારોમાં શીતલહેરની આગાહી કરી છે. દેશના ઉત્તરીય, પૂર્વીય અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં આગામી 2 દિવસ દરમિયાન સવારે અને રાત્રિના સમયે ગાઢ  ધુમ્મસની સંભાવના વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ઉત્તરપશ્ચિમ, મધ્ય અને પશ્ચિમ ભારતમાં આગામી 2 દિવસમાં લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે પરંતુ પછીના 3 દિવસમાં 2થી 4 ડિગ્રી સેલ્સિયસનો વધારો જોવા મળી શકે છે. દેશના પૂર્વ ભાગમાં આગામી 2 દિવસમાં લઘુત્તમ તાપમાનમાં 2-3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

# VIJAY HAZARE - CRICKET

વિજય હજારે ટ્રોફી 2024-25માં હરિયાણા, કર્ણાટક, વિદર્ભ અને મહારાષ્ટ્રે સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. ગઈકાલે રમાયેલી ક્વાર્ટર ફાઇનલ મેચોમાં, વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે હરિયાણાએ ગુજરાતને 2 વિકેટથી હરાવ્યું

**અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા**

1. **આજથી આરંભાનારા વિશ્વ વિખ્યાત મહાકુંભ મેળાના સમાચાર તમામ અખબારોએ હેડલાઇન્સમાં છાપ્યાં છે.**

2. **ગુજરાત સમાચાર. ફૂલછાબ, સંદેશે વિશ્વના સૌથી વિશાળ મેળાવડા મહાકુંભનો આજથી આરંભના મથાળા સાથે મહાકુંભની રંગબેરંગી તસવીરો સાથે સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.**

3. **અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે આ વખતે મહાકુંભ મેળામાં કરવામાં આવેલી વિવિધ સુવિધાઓને ઉજાગર કરીને હેડલાઇન્સ બનાવી છે.**

4. આ ઉપરાંત અમેરિકાના રાષ્ટ્રપતિ પદે ટ્રમ્પના યોજાનારા શપથગ્રહણ સમારંભમાં ભારતના પ્રતિનિધિતરીકે વિદેશ મંત્રી જયશંકર ઉપસ્થિત રહેવાના સમાચારને પણ પહેલા પેજ ઉપર તમામ અખબારોએ સ્થાન આપ્યું છે. તેમજ ઇસરોની અંતરિક્ષમાં ડોકિંગ ટ્રાયલના સમાચાર પણ દરેક અખબારોના પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.

5. રાજ્યના સ્થાનિક સમાચારોમાં પતંગોત્સવનો આનંદ પતંગ બજારોમાં ભારે ભીડના સમાચાર પણ તસવીર સાથે પ્રકાશિત થયા છે..હવામાન વિભાગ દ્વારા કારાયેલી ઠંડી વધવાની આગાહીના સમાચાર દરેક અખબારોએ છેલ્લા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યાં છે.